ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

**પરીપત્ર:**

**વિષય : ગુજરાત જ્ઞાનગુરૂ કિવઝ (G3Q) 2.0 (2023-24) અંતર્ગત કોલેજ ખાતે બેનર અને સ્ટેન્ડી લગાવવા બાબત.**
**સંદર્ભ: કેસીજી/૨૦૨૩–૨૪/૨૩૨૩ તા.૦૧/૦૧/૨૦૨૪**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,અધ્યાપકશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે રાજયનો યુવા વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃધ્ધ બની ગુજરાતને સંપૂર્ણપણે જાણી આત્મનિર્ભર ગુજરાતની પહેલ સાથે દ્રઢતાથી જોડાઈ શકે તે હેતુથી રાજય સરકાર દ્વારા ગુજરાત રાજયની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજયની સરકારી અને ખાનગી યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે "ગુજરાત જ્ઞાન ગુરૂકિવઝ (G3Q) 2.0 " નું આયોજન કરવામાં આવેલ છે.

આ "ગુજરાત જ્ઞાન ગુરૂકિવઝ (G3Q) 2.0 "માં યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ખાતે અભ્યાસ કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય તે હેતુથી ભચઆપની કક્ષાએ તમામ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે વિશિષ્ટ પ્રયત્નો થાય તે ખાસ જરૂરી છે. આ માટે આપશ્રીની કોલેજ ખાતે બેનર તથા સ્ટેન્ડી ફરજીયાતપણે પ્રિન્ટ કરી લગાવવાના થાય છે. આ સાથે સામેલ બેનર અને સ્ટેન્ડીની પ્રિન્ટ કરાવીને આપશ્રીની સંસ્થાના ગેટ/નોટીસ બોર્ડ તથા અન્ય જગ્યા પર લગાવવા અનુરોધ કરવામાં આવે છે.

ડી.ડી.એમ. સુવડીયા
**કા. કુલસચિવ**

**બિડાણ: સંદર્ભ પત્રની નકલ અને બેનર, સ્ટેન્ડીની નકલ**

**ક્રમાંક :બીકેએનએમયુ/રજી/૦૧/૨૦૨૪**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ
તા : ૦૧/૦૧/૨૦૨૪

**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજાના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્ર/ભવનોના વડાશ્રીઓ તરફ...**

**નકલ રવાના :–**

1) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ...
2) આઈ.ટી.સેલ., વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...

# Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat


ક્રમાંક: કેસીજી/૨૦૨૩-૨૪/ 2323

તા:૦૧/૦૧/૨૦૨૪

પ્રતિ,

1. રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટીઓ, ગુજરાત રાજ્ય
2. આચાર્યશ્રી, તમામ કોલેજો, ગુજરાત રાજ્ય

વિષય: ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q 2.0) અંતર્ગત ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સીટીઓ અને કોલેજ ખાતે બેનર અને સ્ટેન્ડી લગાવવા બાબતે

સ્નેહીશ્રી,

રાજ્યનો યુવા વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાવશાળી, જ્ઞાની સમૃદ્ધ બની ગુજરાતને સંપૂર્ણપણે જાણી આત્મનિર્ભર ગુજરાતની પહેલ સાથે દ્રઢતાથી જોડાઈ શકે તે હેતુથી ગુજરાત સરકાર રાજ્ય દ્વારા ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ગુજરાત રાજ્યની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સીટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q 2.0)"નું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે રાજકોટ ખાતે સંભવિત તા.૨૪/૧૨/૨૦૨૩ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે "ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q 2.0)"નો શુભારંભ થયેલ છે.

આ ક્વિઝમાં આપની કોલેજ/યુનિવર્સીટીમાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય તે હેતુથી આપની કક્ષાએ તમામ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે વિશિષ્ટ પ્રયત્નો થાય તે ખાસ જરૂરી છે. આ માટે આપશ્રીની કોલેજ/યુનિવર્સીટીખાતે બેનર તથા સ્ટેન્ડી ફરજીયાતપણે પ્રિન્ટ કરી લગાવવાના થાય છે. જેથી દરેક વિદ્યાર્થીઓને આ ક્વિઝ અંગે જરૂરી માહિતી મળી રહે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે. આ સાથે સામેલ બેનર અને સ્ટેન્ડીની પ્રિન્ટ કરાવીને આપશ્રીની સંસ્થાનાં ગેટ/નોટિસ બોર્ડ તથા અન્ય જગ્યા પર લગાવવા અનુરોધ છે. જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ G3Q 2.0 પર રજીસ્ટ્રેશન કરાવી ક્વિઝ રમી શકે.

પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

બિડાણ: G3Q 2.0 માટેના બેનર અને સ્ટેન્ડીના નમુના

જાણ સારૂં,

- માન. સીઈઓ, કેસીજી
- જોઈન્ટ સીઈઓ(એક્સ્ટેન્શન), કેસીજી